**રે.દિ.દર.નં. ૧૦/૨૦૨૬**

**—।। આંક—૧ લગત હુકમ ।।—**

**નામદાર સુપ્રિમ કોર્ટના પેરીયામલ વિરૂધ્ધ વી.રાજમણી અને બીજા, ૨૦૨૫, લાઈવ લો સુપ્રિમ કોર્ટ, ૨૯૩** ના ચુકાદા મુજબ એકઝીકયુશન પીટીશન દાખલ થયાના ૬ માસમાં બને ત્યાં સુધી પુર્ણ કરવાની હોય છે અને આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે એકઝીકયુશન પીટીશન સ્પીડી ચલાવવા માટે નિર્દેશ આપેલ હોય તે નિર્દેશોને અનુલક્ષીને હાલની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે હાલની દરખાસ્ત વાદી તર્ફે પી.જી.વી.સી.એલ. દ્વારા દાખલ કરવામાં આવેલ, જે દરખાસ્તના કામે જજમેન્ટ ડેટરને જપ્તી વોરંટ કાઢવામાં આવેલ, જે જપ્તી વોરંટમાં પ્રતિવાદીનુ નીલ રોજકામના શેરા સાથે આંક—૬ થી પરત આવેલુ ત્યારબાદ વાદી દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ પ્રતિવાદીને તુરંગમાં બેસાડવાની અરજી આંક—૭ થી આપેલ પરંતુ આજદિન સુધી વાદી દ્વારા તે અંગેની કોઈ રકમ જમા કરાવેલ નહી. જેથી હાલની દરખાસ્તના કામે આગળ કોઇ પ્રક્રિયા કરી શકાતી ન હોય, સદર દરખાસ્ત ચાલુ રાખવામાં આવે તો કોર્ટનો કિંમતી સમય વેડફાય તેમ છે. જેથી હવે આ દરખાસ્તનુ કામ વધુ સમય સુધી મુલતવી રાખવાથી કોઇ અર્થ સરે તેમ નથી, જેથી આ દરખાસ્ત ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૨૭ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૭/૦૭/૨૦૨૬
સ્થળઃ તાલાલા

(પી. એન. જાડેજા )
પ્રિન્સી.સીવીલ જજ
તાલાલા.
(GJ01733)